## જન્મદિને વધામણી



જિજ્ઞાસા રાવ
મો. ૯૪૨૬૭૦૯૭૧૦



દક્ષાબેન સોલંકી
સભ્ય, અખિલ ભારતીય મહિલા સ્વાસ્થ્ય સંઘ



ભૂપેન્દ્રભાઈ એચ ગજ્જર
સભ્ય, સૌરાષ્ટ્ર કચ્છ સમાજસેવા ટ્રસ્ટ



જીયન દિનેશ સોલંકી
મો. ૯૨૭૪૫ ૭૮૫૬૫



પ્રસન્ન વિશાલ થોરાત
મો. ૯૪૨૮૦ ૪૭૫૨૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે. - સંપાદક

### બ્લાઈન્ડ ડ્રીમ અને એસએલ બ્યુટી કેરના સંયુક્ત ઉપક્રમે

# મહિલા દિવસ નિમિત્તે મુખ્યમંત્રીના હસ્તે આજે મહિલા એચીવર્સ એવોર્ડ અપાશે

## વિવિધ ક્ષેત્રોમાં સફળતા પ્રાપ્ત કરનારાં મહિલાઓને અમદાવાદ ટાઉનહૉલ ખાતે સન્માનિત કરવામાં આવશે

ગાંધીનગર, તા. ૭

મહિલા દિવસ નિમિત્તે અમદાવાદમાં મહિલાઓને બ્લાઈન્ડ ડ્રીમ અનેએસએલ બ્યુટી કેરના સંયુકત ઉપક્રમે રાજયના પ્રથમ મહિલા મુખ્યપ્રધાન આનંદીબેન પટેલ દ્વારા ટાઉન હોલ ખાતે એવોર્ડઝ આપવામાં આવશે.

અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે પ્રજ્ઞાચક્ષુ યુવક-યુવતીઓ માટે સતત કંઈક નવાં સેવાકીય કાર્યો કરવા સતત તત્પર એવા ડો.સમીર મનસુરીએ આ કાર્યક્રમનું આયોજન કર્યું છે.

પોતે જન્મથી અંધ હોવા છતાં ડોકટર સમીરભાઈ ક્વોલીટી બ્યુટી પ્રોડકટ તૈયાર કરે છે. અને લોકોને સુંદર બનાવવામાં યોગદાન આપે છે. તેમના ક્લાયન્ટ દેશ વિદેશમાં તો છે, પરંતુ બોલીવુડ પણ સમીરભાઈની કવોલીટી નેચરલ પ્રોજકટની સરાહના કરે છે.

સમીરભાઈનીબ્લાઈન્ડ ડ્રીમ સંસ્થા અને એસએલ બ્યુટી કેર સંસ્થાએ અગાઉ બ્લાઈન્ડ વ્યકિતના લાભર્થે કેમ્પ કર્યા છે. તેમણે ૨૦૧૧માં વીએલસીસીની મોડેલની સાથે બ્લાઈન્ડ મહિલાઓને રેમ્પ વોક કરાવીને ફેશન શોમાં સ્થાન અપાવ્યું હતું. તાજેતરમાં રાજ્યના આણંદ શહેર ખાતે અખીલ ગુજરાત બ્લાઈન્ડ ગરબા કોમ્પીટીશન પણ યોજીને બ્લાઈન્ડ વ્યકિતઓને સતત સમાજમાં વ્યસ્ત અને જીવંત રાખવા સતત પ્રયાસો કરે છે.

# શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા શિવરાત્રી નિમિત્તે ધાન્ય વિતરણ



ગાંધીનગર, તા. ૭

શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા મહાશિવરાત્રી નિમિત્તે સુનોક તથા ખારી પાસે કુલ ૧૫ ગામોનાં ૧૪૯ જેટલાં વૃધ્ધ નિરાધારોને ૩ કિગ્રા ચોખાના પૅકેટનું વિતરણ કરવામાં આવ્યુંહતું. ભિલોડા તાલુકાનાં ગામોમાં કરવામાં આવેલા આ સેવાકાર્ય બાદ સૌએ સાથે મળીને મહાદેવનાં ભજનો ગાયાં હતાં. સેવા સમિતિના ઉર્મિલા ઝણકાર, રોહિતભાઈ તથા મિલિન્દભાઈ આ સેવાકાર્યમાં જોડાયા હતા.

## મનોરંજન

### સિટી પલ્સ

**સ્ક્રીન-૨**
જય ગંગાજલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૪૫, ૧૦.૦૦
**સ્ક્રીન-૩**
લંડન હૅઝ ફૉલન (અંગ્રજી)
૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦
લંડન હૅઝ ફૉલન (હિન્દી)
૧૨.૦૦, ૪.૦૦, ૮.૦૦
**સ્ક્રીન-૪**
ઝુબાન
૨.૩૦, ૧૦.૦૦
ફિલ્લમ (ગુજરાતી)
૫.૦૦
**સ્ક્રીન-૫**
નીરજા
૧.૦૦, ૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
જય ગંગાજલ
સવારે ૧૦.૦૦

### આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે

# યુનાઈટેડ સ્કૂલ દ્વારા અમદાવાદમાં મહારેલી

## રેલી ગૂજરાત વિદ્યાપીઠથી આરંભાઈ ગાંધી આશ્રમ પહોંચશે

## સંસ્થાના વિદ્યાર્થીઓ ઉપરાંત અધ્યાપકો ભાગ લેશે

ગાંધીનગર, તા. ૭

આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઑફ લૉ, ગાંધીનગર દ્વારા અમદાવાદ ખાતે એક મહા રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

સંસ્થા દ્વારા મહિલા દિવસ નિમિત્તે આયોજિત આ કાર્યક્રમની વિગતો આપતાં એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે કે મંગળવારે સવારે ૯ કલાકે ગૂજરાત વિદ્યાપીઠ ખાતેથી આ રેલીનો આરંભ થશે અને ૧૦ કલાકે ગાંધી આશ્રમ ખાતે તે સંપન્ન થશે. રેલીને પ્રસ્થાન કરાવવા માટે સ્કૂલનાં ડિરેકટર ડૉ. જ્યોત્સના યાજ્ઞિક,, રેલીનાં કન્વીનર પ્રૉ. ઉર્વી શાહ, ગૂજરાત વિદ્યાપીઠના સામાજિક કાર્ય વિભાગનાં વડા ડૉ. આનંદીબેન પટેલ, શાંતિ સંશોધન કેન્દ્રનાં વડા ડૉ. પુષ્પાબેન મોતિયાણી તથા યુનાઈટેડ વર્લ્ડ ઈન્સ્ટીટ્યુટ ઑફ માસ મીડિયા ઍન્ડ કમ્યુનિકેશન, ગાંધીનગરના પ્રૉ. ઉજ્જવલ ચૌધરી ઉપસ્થિત રહેશે. યુનાઈટેડ વર્લ્ડ સ્કૂલ ઑફ લૉના વિદ્યાર્થીઓ અને ફૅકલ્ટીઝ આ રેલીમાં ભાગ લેશે એમ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# "સાંપ્રત સાહિત્ય અને સર્જકનું સામાજિક દાયિત્વ" વિષયે ડૉ. કનૈયાલાલ ભટ્ટનું વ્યાખ્યાન યોજાયું




ગાંધીનગર, તા. ૭

વિશ્વગ્રામ પ્રેરિત વિચાર વર્તુળ, માણસામાં છેલ્લા ઘણા સમયથી વક્તાઓને બોલાવીને એમનું વ્યાખ્યાન યોજવામાં આવે છે. જેમાં સાહિત્ય, સમાજ, ચિંતન અને જીવનલક્ષી વિચારોના વક્તવ્યો જુદા જુદા વક્તાઓ આપે છે. આ સંદર્ભે ગાંધીનગર સ્થિત જાણીતા કવિ લેખક ડૉ. કનૈયાલાલ ભટ્ટનું તા. ૬ માર્ચ, ૨૦૧૬ના રોજ સાંજે માણસા કૉલેજ મુકામે "સાંપ્રત સાહિત્ય અને સર્જકનું સામાજિક દાયિત્વ" વિષય પર વ્યાખ્યાન યોજાયું હતું. આ વ્યાખ્યાનમાં ડૉ. ભટ્ટે સાંપ્રત સાહિત્યની ચર્ચા કરી હતી અને સર્જકના સામાજિક દાયિત્વ સંદર્ભે હાલની સમાજની, દેશની પરિસ્થિતિની ચર્ચા કરતાં જણાવ્યું હતું કે આજનો સર્જક ચૂપ કેમ છે ? એ પોતાના સાહિત્યથી સમાજમાં શાંતિ કેમ નથી લાવી શકતો? પરિવર્તન કેમ નથી લાવી શકતો ?

વધુમાં ડૉ. ભટ્ટે શિષ્ટ સાહિત્ય અને લોકપ્રિય સાહિત્યની ચર્ચા કરીને એ બન્ને વચ્ચેનો ભેદ દર્શાવ્યો હતો. અસહિષ્ણુતા સંદર્ભે કાલબૂર્ગીની હત્યા અને દિલ્હીની JNU યુનિવર્સિટીની તત્કાલિન ચર્ચા કરીને એ સંદર્ભે સર્જકોના સામાજિક દાયિત્વને યાદ કરાવ્યું હતું. અને કહ્યું હતું કે જ્યા સુધી સર્જકો નહીં જાગે ત્યાં સુધી દેશમાં આવી ઘટનાઓ બનતી રહેશે. અંતમાં યુવા વિદ્યાર્થીઓને પ્રેરણાત્મક વાતો કરીને પોતાનું વક્તવ્ય પુરુ કર્યું હતું.

કાર્યક્રમના આરંભે પ્રોફેસર શ્રી રાજેન્દ્રસિંહ વાઘેલાએ ડૉ. કનૈયાલાલ ભટ્ટનો પરિચય આપ્યો હતો અને અંતમાં આભારદર્શન કર્યું હતું.

# આનંદનિકેતન સ્કૂલની ઝીલ પટેલ સ્પેલ બી સ્પર્ધાની સિટી ચેમ્પિયન

## આ રાષ્ટ્રીય સ્પેલિંગ સ્પર્ધામાં ૩૦ શહેરના ૨,૭૫,૦૦૦ જેટલા વિદ્યાર્થીઓ જોડાયા



ગાંધીનગર, તા. ૫

ભારતની સૌથી વિશાળ સ્પેલિંગ સ્પર્ધા ક્લાસમેટ સ્પેલ બી સીઝન-૮ની ઓનલાઈન સેમી ફાઈનલ અમદાવાદમાં યોજાઈ હતી. ક્લાસમેટ અને રેડિયો મિરચી ૯૮.૩ એફએમ દ્વારા ત્રણ મહિના પૂર્વે ક્લાસમેટ સ્પેલ બી સીઝન ૮ રજૂ કરવામાં આવી હતી.

આ વર્ષે ઓનલાઈન ટેસ્ટમાં સ્પર્ધાના થર્ડ લેવલમાં અમુક અત્યંત પ્રતિભાશાળી સ્પેલરોએ ભાગ લીધો હતો અને અમદાવાદની આનંદનિકેતનમાંથી ઝીલ પટેલ વિજેતા તરીકે ઊભરી આવ્યા હતા. ઝીલ પટેલ હવે સ્પર્ધાની નેશનલ ફાઈનલમાં ઊતરશે.

સ્પર્ધાના આરંભિક રાઉન્ડને અદભુત પ્રતિસાદ મળ્યો હતો અમદાવાદએ ૩૦ શહેરમાંથી એવું એક શહેર છે જ્યાં સેમી ફાઈનલ યોજવામાં આવી હતી.

સ્પેલ બી સીઝન-૮ની પૂર્ણાહુતિમાં ક્લાસમેટ સ્પેલ બી સીઝન-૮ના રાષ્ટ્રીય ચેમ્પિયનનું ટાઈટલ જીતવા માટે ભારતના ટોપ ૧૬ સ્કોરર વચ્ચે ગળાકાપ હરીફાઈ થશે, જેનું પ્રસારણ ધ ડિસ્કવરી ચેનલ, ડિસ્કવરી કિડ્સ અને ડિસ્કવરી તમિળ જેવા રાષ્ટ્રીય ટેલિવિઝન ચેનલના માધ્યમથી કરવામાં આવશે, જેથી તેને સમગ્ર દુનિયા નિહાળી શકે.



દર્પણ અકાદમીનો વાર્ષિક ઉત્સવ રવિવારે ગૂજરાત વિદ્યાપીઠના હિરક મહોત્સવ હૉલ ખાતે યોજવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે સંસ્થાનાં સ્થાપક મૃણાલિની સારાભાઈનાં દેહાવસાન પછી સંસ્થાનો આ પ્રથમ વાર્ષિકોત્સવ હતો. મલ્લિકા સારાભાઈએ દીપ પ્રગટાવીને કાર્યક્રમનો આરંભ કર્યો અને પોતાનું પ્રવચન આપ્યું. ત્યારબાદ ભરતનાટ્યમના સાતેય વર્ષના વિદ્યાર્થીઓએ સુંદર કૃતિઓ પ્રસ્તુત કરીને પોતાના કલા કૌશલનો પરિચય આપ્યો. એ પછી કેરાલાની માર્શલ આર્ટ કલારીપયટ્ટુના વિદ્યાર્થીઓએ માર્શલ આર્ટનું સુંદર પ્રદર્શન આપ્યું. અંતમાં, સંસ્થાની કર્ણાટકી સંગીત અને થિયેટર પ્રવૃત્તિ સાથે જોડાયેલા વિદ્યાર્થીઓએ મહિલાઓ પર થઈ રહેલા ઍસીડ હૂમલાઓ વિષયે નાટ્યની પ્રસ્તુતિ કરી પ્રેક્ષકોની પ્રશસ્તિ પ્રાપ્ત કરી હતી.

### મહિલા દિવસ સ્પેશ્યલ

# વ્હીલચૅર પરનો વિલપાવર






છટાદાર અંગ્રેજી બોલતાં અને એટલું જ સુંદર ભણાવતાં સોશ્યલ સ્ટડી અને મોરલ સાયન્સના એક શિક્ષકની સીધી-સરળ-આનંદમય જિંદગીમાં અચાનક ટ્વીસ્ટ આવ્યો. એમની કરોડરજ્જુમાં ટ્યુમર હોવાનું નિદાન થયું ને ઑપરેશન કરવાનો નિર્ણય લેવાયો. પરંતુ ઑપરેશન પછી એમનો કમરથી નીચેનો ભાગ પૅરેલાઈઝ્ડ થઈ ગયો.

હિંમત હાર્યા વિના રીટા ટીચરે એક મહિના બાદ વ્હીલચૅરની વ્યવસ્થા કરી લીધી અને ઘરમાં ઘૂમવા લાગ્યા. સૅટ થવું કઠિન તો હતું, પણ પોતાની જાતને અનુકૂળ કરતા ગયાં ને ઘરનાં નાનાં-મોટાં કામો પણ કરવા લાગ્યાં.

આઠ મહિનાના લાંબા અંતરાલ પછી પોતાની કારમાં ડ્રાઈવરની મદદથી સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ પણ પહોંચી ગયાં. પગથિયાં પાસે ઉતર્યા બાદ જ્યારે ચાર વિદ્યાર્થીઓએ વ્હીલચૅર ઉંચકી ત્યારે એમની આંખોમાં આંસૂ આવી ગયા. સ્કૂલના પ્રિન્સિપાલ ફાધર હૅક્ટર પિન્ટોએ સામે ચાલીને એમને આવકાર્યા ને કોઈપણ સવાલ પૂછ્યા વગર કહી દીધું, 'તમારે જ્યારથી સ્કૂલે આવવું હોય ત્યારથી તમે આવી શકો છો.' ટીચરના મન પરથી ભાર હળવો થઈ ગયો. સ્ટાફે પણ એમને એટલા જ ઉત્સાહથી આવકાર્યા ને માનસિક સધિયારો આપ્યો તો સ્ટુડન્ટ્સ તો વળી ટીચરને બૉર્ડ પર લખવા સુધીની મદદ કરતા રહ્યા. આમ સ્કૂલ તો સચવાઈ ગઈ પણ ઘરમાં એમણે જે ફેરફારો કર્યા તે કાબિલેદાદ છે.

વ્હીલચૅર પર બેસીને રસોઈ કરવા માટે એમણે પ્લૅટફૉર્મ નીચું કરાવ્યું તો કપડાં ધોવા માટે ચૉકડીની હાઈટ વધારી દીધી. આમ, રોજ-બ-રોજનાં કામો માટે એમણે ઘરમાં સઘળી જગ્યાએ પોતાની અનુકૂળતા પ્રમાણે ફેરફાર કરાવી લીધા અને પૂર્વવત ઘરનાં કામ કરવા લાગ્યા.

આજે મહિલા દિવસ નિમિત્તે એમને યાદ કરવાનું કારણ એટલું જ કે નાની અમથી બીમારી કે તકલીફથી નાસીપાસ થતા લોકો માટે એમણે એક પ્રેરક ઉદાહરણ પૂરું પાડ્યું છે.

**એક ઔર વાહ**

'સ્કૂલ, હૉસ્પિટલ, શૉપિંગ મૉલ, દુકાન, બગીચા, થિયેટર જેવા દરેક સ્થાને વ્હીલચૅર લઈ જવા માટે રૅમ્પ બનાવવા જોઈએ અને શારીરિક રીતે ભાંગી પડેલા લોકોને જે તે સંસ્થા કે કચેરીએ ખેલદિલીથી સ્વીકારી લેવાં જોઈએ' એવી કામના ધરાવતાં ટીચર માટે આપોઆપ જ દિલથી 'વાહ' નીકળી જાય છે.

# સ્ત્રીને અબળા જાતિ કહેવી એ તેની બદનક્ષી કરવા બરાબર છે




આજે ૮મી માર્ચ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ. શક્તિ-સ્વરૂપા સ્ત્રીશક્તિ અત્યારે સુપ્ત અવસ્થામાં છે તેને જાગૃત કરી તેની અસલિયત પ્રગટ કરવાનો આ પ્રયાસ છે...સ્ત્રીત્વને વધુ ઉજ્જવળ બનાવી, તેના વિશે સભાન બનાવવાનો પ્રયાસ... સ્ત્રીના વાસ્ત્લ્યમાં વ્યાપકતા છે, પણ મોહ નથી, જેનામાં કર્તુત્વ છે પણ લોભ નથી, સદગુણ હોવા છતાંય જેનામાં તે વિષે અહંકાર નથી, આવા સ્ત્રીના ગુણોનો સમાજમાં ફેલાવો થાય, તેના ગુણોનું સમાજમાં પ્રભુત્વ વધે, તેનું આંતરિક સત્વ જાગૃત થાય તથા સમાજમાં તેની સુગંધ ફેલાય, આંતરરાષ્ટ્રીય ફલકમાં મહિલાઓના પ્રશ્નો પ્રત્યે જાગૃતિ આવે અને મહિલાઓના જરૂરી ઉત્કર્ષ માટે લોકોને કટીબદ્ધ કરવા, શિક્ષણનો વ્યાપ વધે, કુરિવાજો તથા રૂઢિઓમાંથી બહાર આવે તે ઉદ્દેશ્યથી સયુંક્ત રાષ્ટ્રસંઘ દ્વારા સમગ્ર વિશ્વમાં દર વર્ષે આ દિવસને આંતરરાષ્ટ્રીય મહિલા દિન તરીકે મનાવવામાં આવે છે. સ્ત્રીશક્તિ એ સર્જનાત્મક શક્તિ છે, પ્રેમશક્તિ છે, આત્મશક્તિ છે. એટલે કે 'સ્ત્રી-જાગૃતિ' એમ નહિ પણ 'સ્ત્રી-શક્તિ-જાગૃતિ' નું કામ કરવાનું છે. માત્ર સ્ત્રીને જાગૃત કરીને તેને બંધનો અને દબાણોમાંથી મુક્ત કરવાનું જ કામ નથી. પરંતુ સ્ત્રી-શક્તિને જાગૃત કરીને તે સોળે કળાએ ખીલી ઊઠે, તેની આગવી વિશિષ્ટતા પૂરબહારમાં મહેંકી ઊઠે, તે માટેનું આ કામ છે.

૨૦૧૬ના આંતરરાષ્ટ્રીય મહિલા દિવસનો થીમ છે. "Planet 50-50 by 2030: Step It Up for Gender Equality."

સંસ્કૃતમાં સ્ત્રી માટે અનેક શબ્દો છે. તેમાંથી એક અબળા ને બીજો મહિલા. અબળાનો અર્થ છે દુર્બળ - જેનું રક્ષણ બીજાએ કરવું પડે, અને મહિલાનો અર્થ થાય છે મહાન, ખૂબ તાકાતવાળી. વિનોબાજી કહેતા કે, 'મેં ક્યાંય અબલા- સમિતિ નથી જોઈ પણ મહિલા સમિતિ જોઈ છે.' બહેનોએ પસંદગી મહિલા શબ્દની કરી. અર્થાત તેમણે જ નક્કી કર્યું કે તે મહાન શક્તિ છે.

સ્ત્રીઓના ઉદ્ધાર માટે ભારતમાં પ્રાચીનકાળમાં ભગવાન કૃષ્ણ અને મહાવીરે પ્રયત્નો કર્યા. જ્યારે અર્વાચીનકાળમાં ગાંધીજીએ. દારૂની દુકાને પિકેટિંગ સ્ત્રીઓ દ્વારા કરાવ્યું. લોકો બોલ્યા ! જ્યાં અનીતિમાન લોકો જાય છે અને તમામ પ્રકારનાં ખરાબ કામો કરે છે, એવા લોકોની વચ્ચે સ્ત્રીઓ શું કરશે? પણ ગાંધીજીનો જવાબ હતો 'જે પતિત છે તેની સામે આપણી પાસે જે ઊંચામાં ઊંચી નૈતિક શક્તિ છે, તેને મોકલવી જોઈએ.' અને જે કામ થયું તેમાં દુનિયા વિસ્મયપૂર્વક સાક્ષી બની. આ દ્વારા ગાંધીજીએ જગતને શીખવ્યું કે સ્ત્રી સમાજ-પરિવર્તનના કામમાં પુરુષ જેટલું જ અને કોઈ કોઈ બાબતમાં પુરુષો કરતાં ચડિયાતું યોગદાન આપી શકે છે. ગાંધીજીએ કહ્યું કે "સ્ત્રીને અબળા જાતિ કહેવી એ તેની બદનક્ષી કરવા બરાબર છે." તેનામાં પશુબળ નહી પણ નૈતિક બળ છે. કુદરતે સ્ત્રી અને પુરુષને બેઉને એકબીજાની અવેજી સારું નહીં પણ એકબીજાના પૂરક થવા સારુ સર્જ્યા છે. સ્ત્રી અને પુરુષ સમાન જ છે. સ્ત્રી પુરુષ કરતાં કોઈ રીતે ઊતરતી નથી. હા, તેની શારીરિક શક્તિ પુરુષની સરખામણીમાં કદાચ કાંઈક અંશે ઓછી હશે. જોકે સ્ત્રી જેટલું સહન કરી શકે છે, તિતિક્ષા ઝીલી શકે છે, સંતાનોત્પતિની કઠણમાં કઠણ પ્રક્રિયામાંથી પસાર થઈ શકે છે, તે જોતાં સ્ત્રીની શારીરિક શક્તિ ઓછી માની શકાય તેમ નથી. ને મોટા રાક્ષસી શક્તિઓનો વિનાશ પણ દેવીઓના હસ્તે જ તો થયો છે આથી તો નારી ને શક્તિનું રૂપ કહે છે. આટલી શક્તિ હોવા છતાં સ્ત્રી સંસાર અને પરમાર્થ બંનેના મધ્યબિંદુમાં છે. સાંસારિકો માટે તે ભોગની વસ્તુ બની અને પરમાર્થીઓએ સ્ત્રીને બંધનમાં ફસાવનારી છે તેથી તેના પ્રત્યે ઘૃણા, તિરસ્કાર એટલી હદે રાખ્યા કે તેનું મોં જોવું પણ ખોટું ગણ્યું ! ક્યારેક 'અખંડ સૌભાગ્યવતી' તો ક્યારેક 'ગંગાસ્વરૂપ' કહીને સ્ત્રીશક્તિને સીમિત કરેલ છે. સ્ત્રી-પુરુષનો ભેદ તો આકૃતિ માત્રનો ભેદ છે. અંદરનો આત્મા તો એક જ છે. સ્ત્રીની આંખો જ આત્મા હોય છે.

વિનોબાજી કહેતા કે સામાજિક આક્રમણનો સામનો કરવા સ્ત્રીએ પોતાની આત્મશક્તિ દ્વારા સંયમની સાધના કરવી પડશે. તેનામાં આધ્યાત્મિક ક્ષમતા પડી છે. શક્તિનું અધિષ્ઠાન છે. પોતાના આચરણ અને વિચારો દ્વારા પોતાનો પ્રભાવ પેદા કરવો પડશે. સ્ત્રીઓએ સમાજની શાંતિરક્ષા અને શીલરક્ષાની જવાબદારી ઉઠાવવા આગળ આવવું પડશે. સમાજનું સંચાલન માતૃશક્તિના હાથમાં હોવું જોઈએ. જેમ માતાને પોતાનાં સંતાનોમાં કોઈ ભેદભાવ નથી હોતો, તેમ સમાજમાં વર્ગભેદ, વર્ણભેદ આદિ ન રહે તે રીતે સમાજને પ્રેમના સંસ્કાર આપી સમાજની નવેસરથી રચના કરવી પડશે. નવી સમાજરચનાના પાયામાં માતૃત્વભાવ હશે. માતૃશક્તિ એક સર્જનાત્મક શક્તિ છે, વ્યવસ્થા શક્તિ છે, કલ્યાણકારી શક્તિ છે. સમાજમાં રચનાત્મક રાજનીતિ, અર્થનીતિ, વ્યવસ્થા સંચાલન આદિ માતૃત્વની ભાવનાથી કરવાં પડશે. આ માટે બગાવત કરવી એ અવિનય કૃત્ય છે એમ ન માનવું જોઈએ પણ બગાવત એ રીતે કરવી જોઈએ તેમાં દેહપરાયણતા ઓછી થાય અને આત્મ-પરાયણતા વધે ઉપરાંત તે શુદ્ધતા અને સમજપૂર્વકની હોવી જોઈએ. સમાજને સર્વનાશના નહીં પણ સર્વોદયના માર્ગે, સંસ્કૃતિના માર્ગે આગળ વધારવો પડશે તે માટે માતૃશક્તિએ, પ્રેમની શક્તિએ સક્રિય થવું પડશે. નહિ તો ભસ્માસુરે પોતાના જ માથે પોતાનો હાથ મૂકીને પોતાને ભસ્મ કરી નાખેલો, તેવા જ હાલ આજની આ પુરુષ સંચાલિત દુનિયાના થશે. સમાજને સ્ત્રીના સ્નેહ, માર્દવ, ઋજુતા આદિ ગુણોનો સ્પર્શ થવો જોઈએ. આમ, પુરુષ સમોવડી ગણાઈને સ્ત્રીએ પુરુષની નકલ કરવાની નથી, તેનું આંધળું અનુકરણ કરવાનું નથી; પરંતુ તેણે તો પોતાના આગવા વ્યક્તિત્વની છાપ બધે છોડવાની છે. 'સ્ત્રી' શબ્દ 'સ્તૃ' ધાતુનો બનેલો છે. સ્તૃનો અર્થ છે વિસ્તાર કરવો, ફેલાવવું. સ્ત્રી એટલે ફેલાવનાર. પ્રેમને આખી દુનિયામાં ફેલાવનાર. સ્ત્રી શબ્દમાં જ સ્ત્રીનું કાર્ય સૂચિત કરવામાં આવ્યું છે. પ્રેમનો વિસ્તાર, પ્રેમની વ્યાપકતા સ્ત્રી દ્વારા જ થશે. સ્ત્રી સમમાજને તારવાવાળી, તારિણી-શક્તિ છે. માતૃશાક્તિ જ્યારે ઘરની બહાર પણ સક્રિય બનશે, ત્યારે આજે મુખ્યત્વે કુટુંબમાં જ માર્યાદિત રહેલો પ્રેમ સમાજમાંયે સહેલાઈથી પ્રસરશે. આપણે સ્ત્રીને જાગૃત કરીને એનું સ્ત્રીત્વ નાબૂદ નથી કરવું, સ્ત્રી હોવું એ લાંછન નથી કે ભારરૂપ નથી. ભલે તે કોઈને જન્મ આપીને કોઈની જનની ન થઈ હોય, તો પણ તે જગન્માતા થવાને લાયક છે. અને એટલે જ ૨૦૧૫નો થીમ હતો "Empowering Women, Empowering Humanity"

